શહેરમાં લગ્નવાડી અને રંગમંચના બુકીંગ મુદ્દે બાય બાય ચારણીની રમત

પ્રસંગોની મોસમમાં અરજદારો ધક્કે ચઢયા : પાટનગર યોજના ભવન અને મનપાની કચેરી વચ્ચે બુકીંગ માટે આંટા મારતા અરજદારોમાં પ્રબળ આક્રોશ : લગ્નવાડી અને રંગમંચની જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવાયા બાદ બુકીંગ માટે અરજદારો દીશા વિહોણાં

ગાંધીનગર તા ૪

શહેરમાં લગ્નવાડી અને રંગમંચોનુ રીનોવેશન કરી દેવાયા બાદ નગરજનોને લગ્નપ્રસંગ સહીતના અન્ય કાર્યક્રમ માટે સરળતા અને સુવિધા ઉપલબ્ધ થઇ છે. લગ્નવાડી અને રંગમંચના નવિનીકરણ પાછળ તોતિંગ ખર્ચ કરવામાં આવ્યો છે પરંતુ હાલની સ્થિતિએ આ સુવિધા માટે નગરજનોએ એક થી બીજા ઠેકાણે ધક્કા ખાવા પડે છે આમછતા કોઇ યોગ્ય જવાબ મળતો નથી. સેકટરોમાં સ્થિત મોટાભાગની લગ્નવાડી અને રંગમંચ કોર્પોરેશનને સોંપી દેવાયા બાદ હાલ બુકીંગ માટે આવતા અરજદારો સાથે બાય બાય ચારણીની રમત થાય છે. પાટનગર યોજના વિભાગ અને કોર્પોરેશન વચ્ચે અરજદારો ધક્કા ખાઇ ત્રાહીમામ પોકારી ગયા છે.

ગાંધીનગરમાં કોર્પોરેશન અસ્તિત્વમાં આવ્યા બાદ ગુડાની જેમ પાટનગર યોજના ભવન હસ્તકની કામગીરી પણ તબક્કાવાર મહાનગરપાલિકને

સોંપવામાં આવી રહી છે. સેકટરોના રંગમંચ અને લગ્નવાડી પણ કોર્પોરેશનને સોંપી દેવાયા છે. આ અન્વયે વહીવટી પ્રક્રીયા પણ તબક્કાવાર પુર્ણ થઇ ગઇ છે. અલબત્ત સેકટરોમાં મોટાભાગની લગ્નવાડી અને રંગમંચની જવાબદારી હવે કોર્પોરેશનના શીરે છે. આવા સંજોગોમાં બુકીંગના મામલે અરજદારોએ એક થી બીજા ઠેકાણે ધક્કે ચઢવાનો વારો આવ્યો છે. બુકીંગ કરાવવા માટે મનપામાંથી પાટનગર યોજના ભવન અને પાટનગર યોજના ભવનથી મનપા જવા માટે અરજદારોને એકથી બીજા ઠેકાણે ધક્કે ચઢાવાય છે. જેના લીધે નાગરિકોમાં રોષ પ્રવર્તયો છે. શહેરમાં રંગમંચ અને લગ્નવાડીઓનુ પણ લાખોના ખર્ચે રીનોવેશન કરાયુ છે. રંગમંચ પણ તોતિંગ ખર્ચના અંતે રીનોવેશન કરી દેવાયા બાદ ખાનગી પાર્ટી પ્લોટ જેવા અદ્યતન બની ગયા છે. લગ્ન કે કોઇ અન્ય પ્રસંગે ખાનગી પાર્ટી પ્લોટનુ બુકીંગ કરાવવા માટે અંદાજિત ૧.૫૦ લાખ જેટલો મોટો ખર્ચ થાય છે. જયારે સેકટરોની લગ્નવાડી કે રંગમંચ બુકીંગ માત્ર આનાથી ૧૫ ટકા રકમમાં જ બુક થઇ જતા લગ્ન મહોત્સવ કે અન્ય કાર્યક્રમના આયોજન માટે અરજદારના માથે આર્થિક બોજ પડતો નથી અને ખાનગી પાર્ટી પ્લોટ સમાન તમામ સુવિધાઓ પણ ઉપલબ્ધ થાય છે. જયારે અત્યાર સુધી લગ્નવાડી અને રંગમંચનુ સંચાલન તેમજ નિભાવણી પાટનગર યોજના ભવન હસ્તક હતુ પરંતુ છેલ્લા કેટલાક સમયથી તબક્કાવાર આ જવાબદારી કોર્પોરેશનને સોંપી દેવામાં આવી છે. લગ્નસમારંભ માટે સે-૭ની લગ્નવાડી નગરજનોમાં હોટ ફેવરીટ હોવાથી ડીમાન્ડ પણ વિશેષ હોય છે. નગરજનો પારિવારિક , ધાર્મિક કે લગ્નપ્રસંગોની ઉજવણી પણ સે-૭ ના કોમ્યુનિટી હોલમાં વધુ થાય છે. પરંતુ હાલની સ્થિતિએ આ લગ્નવાડી કે હોલનુ બુકીંગ કરાવાના મામલે અરજદારો માટે મોટી મુંઝવણ ઉભી થઇ છે. જેના બુકીંગ માટે કોર્પોરેશનમાં જતા અરજદારોને પાટનગર યોજના ભવનમાં મોકલી દેવામાં આવે છે. જયારે પાટનગર યોજના ભવનથી સીધા કોર્પોરેશનને સોંપી દેવાયુ હોવાનુ જણાંવી મહાનગર પાલિકાની ઓફિસે રવાના કરવામાં આવે છે. અરજદારો સાથે બાય બાય ચારણીની રમત થાય છે. આવા સંજોગોમાં તંત્રના અધિકારીઓ દ્વારા ચોક્કસ નિર્ણય કરવામાં આવે તેમજ આ અંગેની બુકીંગ પ્રકીયા અંગે અરજદારોને યોગ્ય દીશા મળી રહે તે મુજબનુ આયોજન કરવા માટે પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે.

ગ્રીષ્મ ઋતુમાં ગરમીનો પ્રકોપ માનવીના અંગને દઝાડી રહ્યો છે. એટલું જ નહીં પરંતુ આ ઋતુમાં અબોલ પંખીઓની હાલત પણ પાણીના એક એક ટીંપા માટે કફોડી બની જતી હોય છે. જો કે આ શહેર પ્રકૃતિ પ્રેમી અને જીવદયા પ્રેમીઓનું શહેર છે. જયાં ફલેટમાં રહેતા રહીશો પણ અબોલ પંખીઓ માટે ખોરાક પાણીની વ્યવસ્થા બારે માસ કરતાં જોવા મળે છે. ઉનાળાના આકરા તાપમાં પીવાનું પાણી મળતાં પંખીઓ તો કિલ્લોલ કરે જ છે પરંતુ તે નિહાળીને નાગરિકોને પણ ભરતડકે હૃદયમાં પૂનમની ચાંદની જેવી શીતળતા અનુભવાય છે.

ગાંધીનગર-કલોલ તાલુકામાં ૧૦૭ જેટલા કેન્સરના શંકાસ્પદ કેસ

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લાના કલોલ અને ગાંધીનગર તાલુકામાં કેન્સર જેવી ગંભીર બિમારીથી પિડીત લોકોને શોધી અને તેમને સમયસર સારવાર મળે તે માટેનો મહત્વાકાંક્ષી પ્રોજેક્ટ હાથ ધરવામાં આવ્યો છે.

જિલ્લાના આ બે તાલુકામાં અત્યાર સુધીમાં ૮૧ હજાર જેટલા લોકોને સર્વેક્ષણમાં તંત્ર દ્વારા આવરી લેવામાં આવ્યા છે. આ પૈકી ૧૩ હજાર જેટલા લોકોનું સ્ક્રીનીંગની કામગીરી પણ પૂરી કરી દેવામાં આવી છે.

મળતી વિગતો પ્રમાણે ૧૩ હજાર જેટલા વ્યક્તીઓના કરાયેલા સ્ક્રીનીંગને અંતે ૧૦૭ જેટલા લોકોમાં કેન્સરની બિમારી હોવાનું પ્રાથમિક તપાસને અંતે જણાતાં આ દર્દીઓને કેન્સર હોસ્પિટલ ખાતે રિફર કરવામાં આવ્યા છે.

સ્ક્રીનીંગ દરમ્યાન ઓરલ કેન્સરના ૫૦ જેટલા કેસ અને બ્રેસ્ટ કેન્સર તેમજ ગર્ભાસયના કેન્સરના ૪૦ થી વધુ કેસ જણાયા હોવાનું જાણવા મળેલ છે.

મળતી વિગતો મુજબ જિલ્લા કલેક્ટરના અધ્યક્ષપદે આગામી દિવસોમાં કેન્સર હોસ્પિટલના સત્તાવાળાઓ અને આરોગ્યતંત્રના અધિકારીઓની બેઠક યોજવાના ચક્રો ગતિમાન કરવામાં આવ્યા છે.

ગાંધીનગરના સાંસદ અને કેન્દ્રના ગૃહમંત્રી અમીત શાહ દ્વારા દૃષ્ટિ પ્રોજેક્ટ અંતર્ગત આ અભિયાનનું આયોજન કરવામાં આવ્યું છે. હાલ ગાંધીનગર અને કલોલ તાલુકાના ગામોને સર્વેક્ષણમાં આવરી લેવામાં આવ્યા છે. એક મહિનો અને થોડાક દિવસોમાં ૮૦ હજારથી વધુ લોકોને સર્વેક્ષણમાં આવરી લેવામાં આવ્યા છે.

આ બે તાલુકામાં સર્વેક્ષણની કામગીરી પૂર્ણ થયા બાદ દહેગામ અને માણસામાં પણ આ સર્વેક્ષણની કામગીરી હાથ ધરવાનો રોડમેપ તૈયાર કરી દેવામાં આવ્યો હોવાનું તંત્રના સૂત્રો કહી રહ્યા છે.

જિલ્લા વહીવટીતંત્રમાં મંજૂર મહેકમ સામે ૫૬ જગ્યાઓ ખાલી

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર જિલ્લા વહીવટીતંત્રની મંજૂર થયેલ ૨૯૬ જગ્યાના મહેકમ સામે ૫૬ જેટલી જગ્યાઓ ખાલી હોવાથી તંત્ર ખોડંગાઈ જવા પામ્યુ છે.

જિલ્લામાં નાયબ કલેક્ટર કક્ષાના વર્ગ-૧ના અધિકારીઓની જગ્યાઓ જ ૫૦ ટકા જેટલી ખાલી પડી છે અને તેને કારણે કામગીરી પર વિપરીત અસરો પડી રહી છે.

ચૂંટણીનું વર્ષ હોવાથી મહત્વની આ જગ્યાઓ ખાલી છે અને સરકારી કાર્યક્રમોનું ભારણ જે રીતે વહીવટીતંત્ર પર વધી રહ્યુ છે એટલે તંત્રને એક સાંધે તેર તુટે જેવી સ્થિતિનો સામનો કરવો પડી રહ્યો છે.

જિલ્લામાં નાયબ કલેક્ટર સંવર્ગની પ્રોટોકોલ, ઈવીકશન, નાયબ જિલ્લા ચૂંટણી અધિકારી, નાયબ કલેક્ટર આઈઓરા, જમીન સંપાદન અધિકારી તેમજ મધ્યાહન ભોજન યોજનાના અધિકારીની જગ્યા ખાલી છે.

નાયબ મામલતદાર સંવર્ગની ૨૭ જેટલી જગ્યાઓ ખાલી છે. આ ઉપરાંત તલાટીઓની ચાલી રહેલી તાલિમને કારણે પણ તે ભરાયેલી જગ્યાનો ચાર્જ અન્યોને સોંપી કામગીરી લેવામાં આવી રહી છે.

જિલ્લાતંત્રમાં કલાર્ક સંવર્ગની પણ ૨૨ જેટલી જગ્યાઓ ખાલી પડી છે એટલે એક કારકુનને બે-બે ટેબલના ચાર્જ સંભાળવા પડી રહ્યા છે.

જિલ્લામાં જે જગ્યાઓ ખાલી પડી છે તેની અસર કામગીરી પર પણ વિપરીત પડી રહી હોવાથી તંત્રની મૂંઝવણો વધી છે. નાયબ જિલ્લા ચૂંટણી

● અનુસંધાન પાન-૭ પર

રાજ્યમાં કોરોનાના નવા ૧૮ કેસ

ગાંધીનગર, તા.૪

રાજ્યમાં કોરોનાના કેસોમાં ફરી એકવાર વધારો થઈ રહ્યો છે. નિષ્ણાંતો દ્વારા વ્યક્ત કરાયેલી ભીતિ કે જુન-જુલાઈમાં કોરોનાની વધારે એક લહેર આવી શકે છે સાચી ઠરશે કે શું તેવા સવાલો થઈ રહ્યા છે. રાજ્યમાં આજે કોરોનાના નવા ૧૮ કેસ નોંધાયા હતા.

તો બીજી તરફ ૧૬ દર્દીઓ સાજા થયા હતા. અત્યાર સુધીમાં કુલ ૧૨,૧૩,૩૫૧ નાગરિકો કોરોનાને મ્હાત આપી ચુક્યાં છે. જો કો રસીકરણના મોરચે પણ સરકાર મજબુતીથી લડી રહી છે.

સે. ૨ માં વધુ એક કોરોનાનો કેસ નોંધાયો

ગાંધીનગર, તા. ૪

ગાંધીનગર શહેરમાં આજે કોરોનાનો વધુ એક કેસ નોંધાયો છે. ગ્રામ્ય વિસ્તારમાં કોરોનાનો એક પણ નવો કેસ નોંધાયો નથી.

ગાંધીનગર શહેરના સે. ૨ માંથી આજે વધુ એક કેસ મળ્યો છે. અગાઉ મળેલ સે. ૨ ના કેસના પરિવારમાં જ આ કેસ મળી આવ્યો છે. આજે ૨૦ વર્ષીય યુવતીનો રિપોર્ટ પોઝીટીવ આવ્યો છે. તેણીનીએ પણ હોમ આઈસોલેશનનો વિકલ્પ સ્વીકાર્યો છે.

ગત સોમવારે આજે નોંધાયેલ દર્દીની બહેન દિલ્હીથી પરત આવ્યા બાદ કોરોનામાં સપડાઈ હતી. આજે નોંધાયેલ દર્દી કોરોનાના દર્દીના સંપર્કમાં આવતાં કોરોનાગ્રસ્ત થઈ હોવાનુ મનાઈ રહ્યુ છે.

શહેરમાં સંક્રમણની સ્થિતિ નિયંત્રણમાં હોવાનો દાવો તંત્રના સૂત્રોએ કર્યો છે. શહેરમાં આજે નોંધાયેલ કેસ સાથે એક્ટીવ કેસની સંખ્યા ૭ થઈ છે. તંત્રએ હોમ આઈસોલેશનના નિયમોની અમલવારી અસરકારક થાય તે માટે તેમજ જાહેર સ્થાનો પર સોશ્યલ ડિસ્ટન્સીંગ જળવાઈ રહે તે જોવા સૂચનાઓ જારી કરી છે.

શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાયના પ્રોજેકટને અનુલક્ષી બે સેકટરોમાં ટુંકમાં ટ્રાયલ લેવાશે

ચરેડી પમ્પીંગ સ્ટેશનમાં નવા પમ્પનુ ફીટીંગ કરાશે : શુધ્ધિકરણ પ્લાન્ટ પણ નવો બનશે : પમ્પીંગ સ્ટેશન માટે ટુંકમાં ગાજીયાબાદથી નવા પમ્પ આવશે : પાંચ દાયકા જુના પમ્પીંગ સ્ટેશનનુ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં સ્માર્ટ સીટી અન્વયે ૨૪ કલાક પાણી સપ્લાય કરવા માટે હાલ સેકટરોમાં નવી લાઇન નાંખવાનુ કામ ચાલી રહ્યુ છે જયારે સેકટરોમાં દાયકાઓ જૂની લાઇન બદલવાની સાથે ચરેડી પમ્પીંગ સ્ટેશનની મશીનરીનુ પણ નવિનીકરણ કરવામાં આવી રહ્યુ છે. ચરેડી પમ્પીંગ સ્ટેશનમાં નવા પમ્પ નાંખવામાં આવશે જયારે પેનલો અને લાઇનના જોડણ માટે પણ ચાલી રહ્યુ છે. આ ઠેકાણે શુધ્ધિકરણ પ્લાન્ટ નવો બનશે જયારે ટુંકમાં જ સ્માર્ટ સીટી અન્વયે નગરના બે જુના સેકટરોમાં ૨૪ કલાક સપ્લાય આપવા માટે ટ્રાયલ પણ લેવાશે.

શહેરમાં ૨૪ કલાક પાણી સપ્લાય આપવા માટે હાલ સેકટરોમાં પાણીની નવી લાઇન નાંખવા માટે કામ ચાલી રહ્યુ છે. સ્માર્ટ સીટીના પ્રોજેકટ અન્વયે નગરમાં દાયકાઓ જુની પાણી ગટરની લાઇન બદલીને નવી નાંખવામાં આવી રહી છે. સેકટરોમાં સાડા ચાર દાયકા જુનુ પાણીની લાઇનનુ નેટવર્ક હવે પુરતા દબાણથી પાણી સપ્લાય આપવા માટે પુરતુ નથી જયારે હવે સેકટરોમાં ૨૪ કલાક પાણી આપવા માટે આયોજન કરાયુ છે ત્યારે નવી લાઇન નાંખવાનુ કામ પણ ઝડપથી પુર્ણ કરવા પુરજોશમાં કામ ચાલી રહ્યુ છે. બીજીતરફ પાણીની લાઇન સાથે શહેરમાં પાણી સપ્લાય કરતા પમ્પીંગ સ્ટેશનની મશીનરી પણ વર્ષો જુની છે. ચરેડી પમ્પીંગ સ્ટેશનના નવિનીકરણનુ પણ કામ હાથ ધરાયુ છે. જેથી પુરતા પ્રમાણમાં સપ્લાય આપી શકાય. ચરેડી પમ્પીંગ સ્ટેશનની મશીનરીનુ કામ અગાઉ વર્ષ ૧૯૭૩ હાથ ધરવામાં આવ્યુ હતુ જયારે આટલા વર્ષોથી મશીનરી પણ જુની થઇ ગઇ છે. મશીનરીના પમ્પ સહીતની સામગ્રી વારંવાર ટેકનિકલ ખામી સર્જાય છે. જયારે પાણીના

● અનુસંધાન પાન-૭ પર

જિલ્લાના ૫૦ થી વધુ ગામોમાં ઔડા દ્વારા વૃક્ષારોપણ અભિયાન યોજાશે

ઔડાએ ગામોની યાદી પણ જિલ્લાતંત્રને સુપ્રત કરી કામગીરી હાથ ધરી

ગાંધીનગર, તા. ૪

ગ્રીન ગાંધીનગર બનાવવાની કામગીરીમાં હવે અમદાવાદ શહેરી વિકાસ સત્તામંડળ (ઔડા) જિલ્લાના ગાંધીનગર અને કલોલ તાલુકાના ૫૦ થી વધુ ગામોમાં વૃક્ષારોપણની કામગીરી કરશે.

ઔડાએ વૃક્ષારોપણ કરવાની તૈયારી દાખવતો તેમજ ગામોની યાદી જિલ્લાતંત્રને સુપ્રત કરી દીધી છે.

અગાઉ ઔડાએ તેના હસ્તકની ખુલ્લી જમીનોમાં જિલ્લાને વૃક્ષારોપણ કરવા સૂચન કર્યુ હતુ તેમજ કૃષિ વિકાસના ઉપયોગ માટે પણ સૂચન કર્યુ હતુ પરંતુ તંત્રએ દાખવેલી ઉદાસીનતાને ધ્યાને લઈ હવે વૃક્ષારોપણની કામગીરી તે જાતે જ કરશે તેવી સત્તાવાર જાહેરાત સાથે ગામોની યાદી તંત્રને સોંપી છે.

આ ગામોની જમીનને અનુરૂપ અને લાંબુ આયુષ્ય ધરાવતા વૃક્ષોનું વાવેતર કરવામાં આવશે તેમ જાણવા મળેલ છે.

જિલ્લાના ૧૦૦ થી વધુ ગામો ઔડામાં સમાવિષ્ટ થયેલા છે. ઔડા દ્વારા સદ્‌ભાવના ફંડ અંતર્ગત પણ વિકાસના કામો હાથ ધરવામાં આવ્યા છે. તેનો ખર્ચ પણ ઔડા કરી રહેલ છે જ નોંધનીય છે.

જિલ્લાતંત્રની ઉદાસીનતા અંગે સૌ કોઈ મૌન સેવવાનું પસંદ કરી રહ્યા છે. વૃક્ષારોપણ જેવી સામાજિક સેવામાં પણ ઉદાસીનતા દાખવવા પાછળનું કારણ હજુ કોઈની સમજમાં આવતુ નથી.

● અનુસંધાન પાન-૭ પર

નજીવી રાહત : શહેરમાં ગરમીનો પારો ૪૧ ડીગ્રી

દિવસની સાથે રાત્રિનુ તાપમાન પણ ઉંચકાયુ લઘુત્તમ તાપમાન ૩ ડીગ્રી ઉપર આવ્યુ : ગરમીનો પારો છેલ્લા ઘણાં દિવસથી ૪૦ થી ૪૪ ડીગ્રી વચ્ચે ચઢ ઉતર થાય છે

ગાંધીનગર તા ૪

ગાંધીનગરમાં ગરમીનો મિજાજ છેલ્લા ઘણાં સમયથી ઉગ્ર છે. ગત દિવસોમાં ગરમીનો પારો ૪૪ ડીગ્રીને અડી જતા સિઝનની મહત્તમ ગરમી નોંધાઇ હતી જયારે ગઇકાલે ગરમીનુ જોર ઓછુ થતા નગરજનોએ એક દિવસ હીટવેવમાં રાહત અનુભવી હતી પરંતુ આજે ફરી ગરમીનો પારો એક ડીગ્રી ઉંચકાયો હતો. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની ઉપર જોવા મળે છે જેના લીધે દિવસના આકરા તાપથી નગરનુ જનજીવન પ્રભાવિત છે. શહેરમાં અસહ્ય ગરમીના દિવસોમાં ઉનાળુ રાત્રિની રોનક નિખરી છે. આજે મહત્તમ તાપમાનની સાથે લઘુત્તમ તાપમાનમાં ૩ ડીગ્રીનો ફેરફાર જોવા મળ્યો હતો.

ગાંધીનગરમાં ગરમીની મોસમનો મિજાજ એકધારો જોવા મળી રહ્યો છે. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાન ૪૦ ડીગ્રીની પાર રહેતા નગરજનો આકરી ગરમીમાં શેકાઇ રહ્યા છે. ગત દિવસોમાં ગરમીનો મિજાજા વધુ ઉગ્ર બનતા મહત્તમ તાપમાન ૪૪ ડીગ્રીએ પહોંચી ગયુ હતુ જેના લીધે શહેરીજનોએ સિઝનની રેકર્ડ બ્રેક ગરમી અનુભવી હતી. જયારે એપ્રિલ મહીનામાં પણ ગરમીનુ જોર વધુ રહ્યુ હતુ જયારે મે મહીનાની શરૂઆતમાં પણ નગરજનો આકરા હીટવેવથી પ્રભાવિત છે. બે દિવસ અગાઉ મહત્તમ તાપમાન ૪૨.૨ ડીગ્રી રહ્યુ હતુ જેના લીધે દિવસે અંગ દઝાડતી ગરમી વચ્ચે નગરનુ જનજીવન વિશેષ પ્રભાવિત રહ્યુ હતુ આજે પણ ગરમીનુ જોર વધતા શહેરીજનોએ અસહ્ય ગરમી સહન કરવાનો વારો આવ્યો હતો. મહત્તમ તાપમાન ૪૦ થી ૪૪ ડીગ્રી વચ્ચે જ રહે છે. જેના લીધે ગરમીનુ જોર પણ એકધારુ જળવાયેલુ રહે છે. ગઇકાલની સાપેક્ષમાં આજે ગરમીનો પારો એક ડીગ્રી ઉપર આવ્યો હતો. મહત્તમ તાપમાન ૪૧ ડીગ્રી પહોંચ્યુ હતુ બીજીતરફ ગઇકાલે લઘુત્તમ તાપમાન ૨૩ ડીગ્રીએ રહ્યુ હતુ જેમાં પણ આજે વધારો થયો છે. રાત્રિનુ તાપમાન પણ ૨૫. ૭ અલબત્ત ૩ ડીગ્રીના વધારા સાથે ઉંચકાયુ હતુ. છેલ્લા ઘણાં સમયથી મહત્તમ તાપમાનમાં નજીવી ચઢ ઉતર જોવા મળે છે.

● અનુસંધાન પાન-૭ પર

"સંસ્કૃતિ" સંસ્થા, ગાંધીનગર

૨૦૨૨-૨૩નો પ્રારંભ

સૌને પોષાય એવી સભ્ય ફી કપલ દીઠ માત્ર રૂા.૨૦૦૦/- (વાર્ષિક) વ્યક્તિગત રૂા.૧૨૦૦/- (વાર્ષિક)

'સંસ્કૃત' સંસ્થાના ૨૦૧૯-૨૦ના નાણાકીય વર્ષ દરમિયાન સભ્ય થયેલા મિત્રોને જણાવવાનું કે તે વર્ષના બે કાર્યક્રમો અમે આપને કોરોનાના રોગચાળાને કારણે આપી શક્યા ન હતા. એ વાત અમે નૈતિક રીતે યાદ રાખી છે અને સને ૨૦૨૨-૨૩ના કાર્યક્રમોનો પ્રારંભ કરીએ છીએ ત્યારે સૌ પ્રથમ ઉક્ત નૈતિક જવાબદારી પૂર્ણ કરીએ છીએ અને આપ સૌની સાથે મિલન-સમારંભ યોજીએ છીએ.

તા. ૭-૫-૨૦૨૨, શનિવાર,
સમય : સાંજે ૭-૦૦ કલાકથી આપના આગમન સુધી.
સ્થળ : સેકટર-૨૨નો રંગમંચ, ગાંધીનગર.

આવો, મળીએ અને સાથે ભોજન લઈએ.

'સંસ્કૃત' સંસ્થાના સૌ સભ્યોને જણાવવાનું કે તા. ૭-૫-૨૦૨૨ના કાર્યક્રમના નિમંત્રણ કાર્ડ આપ સૌને કુરિયર દ્વારા રવાના કરી દેવામાં આવ્યા છે. તા. ૬-૫-૨૦૨૨ ને શુક્રવારના રાતના ૮-૦૦ વાગ્યા સુધી જો આપને કાર્ડ ન મળે તો મોબાઈલ નંબર ૯૮૨૫૮ ૭૯૫૨૯ ઉપર સંપર્ક કરવા વિનંતી છે.

કાર્યક્રમના નિમંત્રણ કાર્યની સાથે આગામી વર્ષના સભ્યપદના નિયત ફોર્મ પણ રવાના કરવામાં આવ્યા છે જે ઉક્ત ભોજન અને મિલન-સમારંભ વખતે સાથે લેતા આવવા અનુરોધ છે. 'સંસ્કૃત' સંસ્થા તેની પરંપરા મુજબ આ વર્ષે પણ મનગમતા મનભાવન કાર્યક્રમો આપને પીરસસે તેની ખાત્રી આપવામાં આવે છે.

સભ્યપદ માટેનાં ફોર્મ મેળવવા તથા ફી સાથે પરત કરવા સંપર્ક :

(૧) શ્રી મેહુલ પટેલ, કેપિટલ ઓફસેટ, ૬૦૩, છઠ્ઠે માળ, હવેલી આર્કેડ, રાધે સ્વીટની ઉપર, સેકટર-૧૧, ફોન:૨૩૨૪૩૬૨૩
(૨) શ્રી મનોજ જોષી, લિપિ ગ્રાફિક્સ, સ્કાય વ્યુ કોમ્પલેક્ષ, ૧૭-૨૨ સ્ટેન્ડ પાસે, સેકટર-૨૨ (મો.) ૯૮૨૫૪૪૭૭૩૩
(૩) સેકટર-૨ ડૉ. રાજેશ શાહ (મો.) ૯૯૨૫૦ ૦૮૬૩૦
(૪) નવા સચિવાલય : શ્રી કલ્પેશ ભટ્ટ (મો) ૯૮૨૫૪ ૦૯૦૦૪ શ્રી ગગુભા રાજ (મો.) ૯૮૨૪૦૬૫૦૯૪
(૫) જૂના સચિવાલય : શ્રી દિનેશ ચૌહાણ (મો) ૯૯૭૮૪૪૦૧૨૬
(૬) વાવોલ : શ્રી મુકેશ મહેતા (મો) ૯૪૨૯૬૮૨૧૬૬ શ્રીમતી પ્રીતિ મહેતા (મો) ૮૩૨૦૪ ૧૮૪૫૨
(૭) ગુજરાત વિદ્યુત બોર્ડ : શ્રીમતી પરમજીત કૌર (મો) ૮૩૪૭૪ ૩૧૯૦૦
(૮) સેકટર-૨૦ સુશ્રી ચેતના બુચ (મો) ૯૮૨૫૮૧૬૦૧૮
(૯) સેકટર-૭ શ્રીમતી આરતી ભટ્ટ (મો.) ૯૯૨૫૦૯૭૦૭૮
(૧૦) સેકટર-૮ પ્રા. ડૉ.લીના રાણા (મો.) ૯૪૨૭૦૪૯૦૪૭
(૧૧) ડૉ. અનિલ પટેલ (મો.) ૯૩૨૭૮ ૩૫૨૧૫

આવો... આજે જ સભ્યપદે નોંધાઇને નાવિન્યસભર કાર્યક્રમોનો આનંદ લૂંટો...

મનોજ શુક્લ, મહામંત્રી, ૯૮૨૫૮૭૯૫૨૯
રમેશ પટેલ, પ્રમુખ, ૯૮૨૫૦૩૮૩૭૮ (કેપિટલ ઓફસેટ)

(૧) સંસ્થાના આ વર્ષના પુનઃ સભ્ય થવા માટે સુંદર પ્રતિસાદ અપેક્ષિત છે.
(૨) વર્ષમાં ૬ ઉત્તમ આયોજનો- જેમાં ફિલ્મ સંગીત, લોકસાહિત્ય કે હાસ્ય રસનો કાર્યક્રમ.

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT — Turning Dreams into Concrete Reality
ASTRAL PIPES
PRINCE PIPING SYSTEMS
Jaquar experience bathing
DR. FIXIT
Birla White — THE WHITEST WHITE CEMENT
ET TMT BARS — Mazboot Bharat ki Pehchan

જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

LED TV રીપેરીંગ
Sony, LG, SAMSUNG, Panasonic
સોમનાથ ઈલેક્ટ્રોનિક્સ
સેક્ટર-૨૪, ગાંધીનગર
મો. ૯૭૧૪૧૯૮૩૬૬

ટચુકડી જાહેર ખબર
દર રવિવારે જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 **માલિક - પ્રકાશક - મુદ્રક** : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. **તંત્રી** : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com